Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**


આત્મધર્મ
બ્હેનશ્રીનાં
વચનામૃત

# વસ્તુસ્વભાવનો સ્પર્શ કરાવતાં, ચૈતન્યસ્પર્શી પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્દગાર

## [ રાત્રિચર્ચા, તા. ૨૮-૭-૭૭ ]

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

ઉત્તરઃ– અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એનાં નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. સમયસાર ગાથા ૩૦૮/૧૧ માં જીવ અજીવનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું છે, પણ ખરેખર તો જીવદ્રવ્ય છે એ એની પર્યાયનો પણ કર્તા નથી, કેમ કે દ્રવ્યસ્વભાવ જ્યારે દૃષ્ટિમાં બેઠો એટલે બસ! બધું આવી ગયું.

દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ નામની શક્તિ છે તેના કારણે પર્યાય ઉત્પન્ન થશે, થાય છે, તેને કરવું છે ક્યાં? અને જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે જાતના રાગાદિ થશે તેને તે પ્રકારે જાણતી તે જ પ્રકારે ક્રમબદ્ધમાં આવશે. તે પર્યાય છે તેનો કર્તા દ્રવ્ય નથી. પર્યાય તે સમયે થશે જ, પર્યાય તે સમયે આવશે જ, તેનો જ્ઞાની કર્તા નથી, પર્યાય જે કાળે થવાની છે તે થાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય છે. જે પરિણમે છે તે કર્તા છે, દ્રવ્ય કાંઈ પરિણમતું નથી માટે કર્તા નથી.

ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે, હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ –દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ! પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો. તે પર્યાયનો સ્વકાળ હતો, તેનો પણ કર્તા નથી કેમ કે ભાવશક્તિના કારણે ભવન તો છે, તો છે એને કરવું શું?

અહાહા! દ્રવ્યની સન્મુખ દૃષ્ટિ થઈ પછી જે થવાનું છે તે થાય છે, તેને જાણે છે, એ જાણવાનું કામ પણ સ્વતંત્ર થાય છે. આને જાણવુ એવું પણ નથી, ભાવશક્તિ છે તે પર્યાય વિના હોય નહિ. ગુણીને પકડયો છે તેને જે ભવન–પર્યાય હોય છે તેને કરવું છે ક્યાં? થોડી જીણી વાત આવી ગઈ છે, આ તો અંદરથી આવે છે. નવું નવું થાય છે તે થવાનું છે, તે જ થાય છે, તેને કરવું છે ક્યાં? થાય છે હોય છે તેને જાણે છે, એ જાણવાની પર્યાય પણ તે કાળે થવાની છે તે થાય છે, કેમકે દરેક ગુણની વર્તમાન પર્યાય ભાવશક્તિના કારણે તે કાળે થાય છે. થાય છે તેને કરવું શું? વસ્તુનું સ્વરૂપ એમ જ છે.

[ અનુસંધાન પાનું ૩૧ ]

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૧૧




વીર સંવત
૨૫૦૩, દ્વિ.શ્રાવણ
A.D.1977
SEPT.

# સાધનાપથના દિવ્ય પથિક: ‘બહેનશ્રી’

જિનશાસનના ચમક્તિ તારા!

તુજ જન્મોત્સવ આનંદકારા.

શ્રાવણી કૃષ્ણા બીજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીનો મંગલ દિવસ છે.

અધ્યાત્મયુગસર્જક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનુયાયી મુમુક્ષુસમુદાયમાં નિજાત્મરત પૂજ્ય બહેનશ્રીનું સ્થાન અનુપમ છે.

આત્મમંથન, અવિચલ શ્રદ્ધા, તજ્જનિત અતીન્દ્રિય સ્વાનુભૂતિ અને જિનેન્દ્રશાસનની સનાતનસત્યતા દર્શાવનાર ભવાન્તરસ્પર્શી નિર્મળ જાતિસ્મરણજ્ઞાનથી સુસમૃદ્ધ જેમનો અંતઃવૈભવ અતિ મહાન છે, જેમની નિર્મળ દ્રષ્ટિમાં સદા એક માત્ર ત્રિકાળિક ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ અધિકપણે બિરાજમાન છે, નિરંતર અતીન્દ્રિય-સુધાપ્લાવિત ભેદજ્ઞાનની-સ્વ-પરના, સ્વભાવ-વિભાવના, હિત-અહિતના, હેય-જ્ઞેય-ઉપાદેયના સમ્યક્ વિવેકથી વિભૂષિત જ્ઞાનપરિણતિની ધારાથી જેમનું અંતર્જીવન રસાળ છે અને વિવિધ વ્યવહારના કોઈ પણ પ્રસંગમાં, સ્વરૂપમાં ઢળેલી સહજ જ્ઞાનવૈરાગ્યપરિણતિના બળે, જેઓ જલકમલવત્ સદૈવ અલિપ્ત વર્તતા હોય છે તે બહેનશ્રી ચંપાબેનનો પણ મુમુક્ષુઓ પર મહાન ઉપકાર છે, તેમનું જ્ઞાનવૈરાગ્ય પવિત્ર જીવન જિજ્ઞાસુઓને સાધનાની પ્રેરણા આપે છે. ધન્ય છે તે પવિત્ર જીવન. વંદન હો તે દિવ્ય વિભૂતિને.

પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રીની ૬૪ મી જન્મજયંતીના આ મંગલ પ્રસંગે અમે શ્રદ્ધાભક્તિપૂર્વક તેમને અભિનંદીએ છીએ, નતમસ્તક અભિવંદીએ છીએ.











## ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની પ્રવચન-વાટિકામાંથી વીણેલાં

# અધ્યાત્મસૌરભયુક્ત ૬૪ ચંપાપુષ્પો

૧. અહો ! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્રનું-ગુરુનું દાસત્વ જોઈએ છે.

પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય ?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે, તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.





૨. પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ.




૩. જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. ‘આ શરીર તે હું’ તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.




૪. ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ–જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્ત ને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ ‘હે ચેતન’ , ‘હે જ્ઞાયક’ એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; ‘હું તો હાલું–ચાલું ને પ્રભુ સાંભરે રે’ એવું વર્ત્યા કરે.

૫. પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય ? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. ‘કરીશ, કરીશ’ કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો ‘કાલ કરીશ, કાલ કરીશ’ એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય.





૬. જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન'લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.




૭. વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિત્વપણું ખ્યાલમાં આવે, 'હું જુદો, હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે.




૮. ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને ? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.

"तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।"

જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

૯. જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ

કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.




૧૦. 'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું' –એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ–મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.




૧૧. સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર! તું વિષયોમાં શા માટે ઝાવાં નાંખે છે? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી. અંદર અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડયું છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ.





૧૨. ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય–આકશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે.




૧૩. શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.

૧૪. જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા – આતુર હોય છે. અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.

૧૫. એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી ! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલન કષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંક પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન –કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.




૧૬. જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. ‘કાલ કરીશ, કાલ કરીશ’ એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે.




૧૭. મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ–દ્વેષ આદિ અવગુણ દેખાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં–તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.




૧૮. સંસારથી ભયભીત થઈને જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કરે છે ! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.

૧૯. દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે–નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. ‘આ બધા જે કષાયો

–વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે–પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.










૨૦. ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ શુદ્ધ ચૈતન્યની ભાવના છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધચૈતન્યભાવનારૂપ ઉપાદાન–ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત–ઔષધ કહેવામાં આવ્યાં છે.

૨૧. 'હું છું ચૈતન્ય.' જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાંતિ રહે છે; પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાંતિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.

૨૨. અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે' , 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.

૨૩. તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ–

અનંત અદ્‌ભુત આત્માને–પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને–અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.





૨૪. આત્મા તો નિવૃત્તસ્વરૂપ–શાન્તસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.




૨૫. બધાએ એક જ કરવાનું છેઃ– દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.


૨૬. સ્વરૂપ તો સહજ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી ? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ? તે તો સુગમ જ હોય ને ?






૨૭. શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણી પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.





અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;– જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.







પ્રશ્નઃ- સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બંને જુદા જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય ?


ઉત્તરઃ- આ જ્ઞાન પણ ચળકે જ છે ને ? વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે – જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?

જેમ સાચા મોતી ને ખોટા મોતી ભેગા હોય તો મોતીનો પારખુ એમાંથી સાચા મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું – એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ–સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.

૨૮. જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્ય–દરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર – ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો. પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.









દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠયાવીસ મૂળગુણ, – બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ, ' ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.


ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, ( દૃષ્ટિ–અપેક્ષાએ ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં–પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડયું નથી; એણે કાંઈ કર્યું જ નથી, 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું' – એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી.

૨૯. શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ–આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદબ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું, 'સર્વગુણાંશ તે સમકિત' – અનંત ગુણોનો અંશ પ્રગટયો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.


જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે – એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન – બધું પ્રગટ થશે.

નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં ( દૃષ્ટાંતમાં ) તો












જુદાં જુદાં દ્રવ્યને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ જેમ અંશ પ્રગટયો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.

૩૦. અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ. 'અપરિણામી' નિજાત્મા.



પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.


પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર-જ્ઞાયક ઉપર-દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય,' 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર-તળ ઉપર-દૃષ્ટિ સ્થાપને!

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા – એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં-પલટતા અંશમાં-દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!


જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય







નિજતત્ત્વ – અપરિણામી અભેદ એક દળ–તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ.





૩૧. ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.

હે શુદ્ધાત્મદેવ ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો ! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાંતિ જ લાગે છે.


હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કોઈ જોઈતું નથી.




૩૨. બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે થવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર... વારંવાર એમ કરતાં... કરતાં... કરતાં ( સ્વરૂપમાં લીનતા જામતાં... જામતાં ) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય.

૩૩. અનંત કાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા

નિર્ણય વગર–સાચા જ્ઞાન વગર– સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.

શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્ય-બોધક એવા આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.





૩૪. મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય–પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય. શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.


વળી તે 'હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ જાય – સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે.





૩૫. દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્ય–દૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં–પર્યાયમાં–ચોંટી નથી જતી. 'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર–દ્રવ્યસ્વભાવ ઉપર–જામેલી તે જામેલી જ રહે છે.

૩૬. કોઈ એકાંતમાં વસનાર – એકાંતપ્રેમી – માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ!! અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.










૩૭. ગમે તેવી કટોકટીમાંથી પોતાનાં જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું.

૩૮. જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.

૩૯. મુનિને સંયમ, નિયમ ને તપ-બધાંમાં આત્મા સમીપ હોય. અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો.... ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?

તારે શુદ્ધિ વધારવી હોય, દુ:ખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.


લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.

અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.

-આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાંએ સમજી લેવાનું છે.

૪૦. મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે. અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યાં, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો. કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.



૪૧. જો કે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને




સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા-અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્ય-પરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં-પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં-દુઃખ ન લાગે અને અંદરમાં-વીતરાગતામાં-સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે-વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે.





૪૨. જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય.





૪૩. ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબંબ છે! તું આવો જ છો! જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.




૪૪. રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત – અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.





૪૫. પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.


૪૬. મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડમાંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે બધું આવે છે પણ સ્વભાવથી વિરુધ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.

૪૭. જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું – એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.


૪૮. વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં ખાસ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.

૪૯. જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે



ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.

૫૦. દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજયમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે?




૫૧. એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિના–જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે.




૫૨. ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માટે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.





૫૩. આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું – એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવાકપણાનો લાભ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.

૫૪. બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.










૫૫. આ તો ગૂંચ ઊકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઊકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.

૫૬. અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ–શાસ્ત્ર–ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?

જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી–એવા દેવ–શાસ્ત્ર–ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ–શાસ્ત્ર–ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો' ! – આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.

૫૭. જ્યાં સુધી સામાન્ય તત્ત્વ–ધ્રુવ તત્ત્વ–ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ–દ્રવ્યસામાન્યનો જ– ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું – 'ધ્રુવ' નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી–ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જો કે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુ–સ્થિતિ પણ આમ જ છે.





૫૮. મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ' . આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણકે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.

૫૯. મારે કાંઈ જોઈતું નથી, એક શાંતિ જોઈએ છે, ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં – એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે. – આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાંતિ મળ્યા વિના રહે નહિ.

૬૦. રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠન લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.

સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે – એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

૬૧. ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ – કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા ! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા – એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી ઋદ્ધિને છોડી, ઉપસર્ગ–પરિષહોની






દરકાર કર્યાં વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને? માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ-આત્મા-પ્રાપ્ત થશે.

૬૨. જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને-ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ-સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

૬૩. જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે: તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાફા મારવાથી સુખ નહિ મળે.

૬૪. પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યાં છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.






# ❀ ક્રમબદ્ધ પર્યાયની સિદ્ધિનું તાત્પર્યઃ અકર્તાપણું ❀

( પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

શ્રી સમયસાર શાસ્ત્રમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર શરૂ કરતાં આચાર્યદેવ ક્રમબદ્ધની ગાથા દ્વારા જીવનું અકર્તાપણું સિદ્ધ કરે છેઃ–

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ - આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

પ્રથમ તો એ વાત કહેવી છે કે જે ભગવાન આત્મા છે તેમાં જે પર્યાય થાય છે તે ક્રમબદ્ધ થાય છે, જેમ માળામાં મણકા ક્રમબદ્ધ હોય છે તેમ જીવમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે સમયે તે પર્યાય ઉત્પન્ન થાય છે. માળામાં મોતી ક્રમસર છે તેમ આત્મામાં પર્યાય ક્રમસર છે. માળામાં જે મણકો જ્યાં હોય ત્યાં જ હોય છે તેમ આત્મામાં પર્યાય એક પછી એક ક્રમસર થાય છે, જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે થવાની હોય તે જ થાય, ત્રીજે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય, ક્રમબદ્ધ પર્યાય થાય.

## * માળાના મણકાના દૃષ્ટાંતે ક્રમબદ્ધ પર્યાય *

જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ–પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધ પર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે.

પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે, તથા પ્રવચનસારની ૯૯ મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે.

મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની છે તે ક્રમસર થવાની અને તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે.

મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી આત્મા વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી પાછી થતી નથી, તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો? – કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય? – પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય કોણે કર્યો? – કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને ‘જે થવાનું હશે તે થશે’ એવો સાચો નિર્ણય આવે છે.

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય. એક સમયે જે પર્યાય થવાની હોય તે થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે થાય.

## * જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે *

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજે છે, જે કાળે જે પર્યાય થઈ તે જીવ જ છે, તે અજીવથી થઈ છે કે પરથી થઈ છે તેમ નથી. વિકારની પર્યાય થઈ છે તે કર્મોથી થઈ છે કે સમ્યગ્દર્શનની પર્યાય થઈ તે દર્શનમોહ કર્મના અભાવથી થઈ છે

તેમ નથી, તેમજ પૂર્વ પર્યાયના વ્યયને લઈને થઈ છે તેમ નથી. જે સમયે જે પર્યાય થવાની હતી તે પરના કર્તા વિના મારાથી મારામાં થઈ છે. તે કાળે તે પર્યાય થવાની હતી તે જીવ જ છે, એટલે કે તે અજીવથી થઈ નથી અને ત્રિકાળીનું વર્તમાનપણે ઊપજવું પોતાથી જ છે.

જે સમયે જે પર્યાયનું થવું તે સત્ છે. સામાન્ય વસ્તુ છે તે, તે સમયના વિશેષનાં પર્યાયમાં ઊપજે છે. જીવ છે તે તો તેની ક્રમબદ્ધ પર્યાયમાં ઊપજે છે. તે-તે સમયની અવસ્થાની વ્યવસ્થા કરનારો તે દ્રવ્ય પોતે છે, બીજો દ્રવ્ય તે કરાવતો નથી, બીજા દ્રવ્યના કરાવ્યા વિના પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયના વ્યયથી નહીં પણ તે તે સમયે ઉત્પાદ ઉત્પાદના કારણે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય થાય છે તે તેના કાળે જ થાય છે. અને તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાની એક સમયની પર્યાય ત્રણલોકની ત્રણકાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ કયે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દ્રષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનીની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય.

અહીં તો કહે છે કે બીજાના કર્તાપણા વિના ક્રમસર પર્યાય થઈ તે જીવ જ છે, અજીવ નથી એટલે કે પોતાના પરિણામ વ્યવસ્થિત થાય તેનો કર્તા જીવ જ છે, બીજો કોઈ તેનો કર્તા નથી. જીવ જ પોતાના પરિણામનો કર્તા બીજાની સહાય વિના થાય છે.

## * અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે *

એવી રીતે અજીવ પણ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતું અજીવ છે. માટીમાંથી ઘડાપણે થવામાં માટી પોતાના પરિણામોથી ઊપજે છે, તેનો કર્તા કુંભાર નથી. ઘઉંના લોટની સેવનો કર્તા સ્ત્રી નથી કે પાટલી આદિ કર્તા નથી. પૂડલાનો કર્તા સ્ત્રી નથી. પૂડલો તો પરમાણુનો પિંડ અજીવ છે, અજીવના પરિણામોમાં ઊપજતું થકું તે અજીવ જ છે, અજીવના પરિણામોનો કર્તા અજીવ જ છે. અક્ષરના પરિણામનો કર્તા લખનાર તો નથી પણ કલમ પણ તેનો કર્તા નથી. પરમાણુ પોતે પરિણામનો કર્તા છે. જે સમયે જે પર્યાય થવાની તે થવાની – એવું તો પર્યાયનું સામર્થ્ય છે, તો નિરપેક્ષ

એવા ધ્રુવ દ્રવ્યના સામર્થ્યની તો શી વાત કરવી? – એની દૃષ્ટિ થવી તે જ તાત્પર્ય છે. ઠંડા પાણીમાં ચોખા ન ચઢે–ન પાકે પણ ગરમ પાણીમાં પાકે, – તો અહીં કહે છે કે જે કાળે ચોખા પાકવાના હોય તે કાળે જ પોતાની પર્યાયના ક્રમસરમાં પોતાથી પાકે છે, તેમાં પાણી તેનો કર્તા નથી. ગરમ પાણીની ઉપસ્થિતિ હો તો ભલે હો. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ જ ન કરે એમ જ્ઞાતા–દ્રષ્ટા રહેવું તે જીવનો સ્વભાવ છે અને તે જ્ઞાતા–દ્રષ્ટાપણું જીવના પોતાથી છે, જ્ઞેય છે માટે છે તેમ પણ નથી.

કોઈ કહેશે કે પાણીમાં જેવો રંગ નાખીએ તેવો રંગ થાય, અહીં કહે છે કે તે સમયે પાણીનો લીલો રંગ થયો તે પાણીના પોતાથી જ તેમાં બીજું દ્રવ્ય–રંગ તેનો કર્તા નથી. શીરો થાય છે તે રજકણોની ક્રમબદ્ધ પર્યાયના કારણે થાય છે, તેનો કર્તા સ્ત્રી નથી. કુંભાર ઘડો કરે છે તેમ ત્રણકાળમાં નથી. શરીર–વાણી–મનની ક્રિયાનો જીવ કર્તા નથી, અનુમોદક નથી, કારક નથી. મેં આહાર છોડયો ને ઉપવાસ કર્યો – તે તે જ સમયે થવાની હતી તે ક્રિયા થઈ છે, પણ પરના ત્યાગ–ગ્રહણ જીવનો સ્વભાવ નથી.

## ❀ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્યપણું ❀

જે સમયે જે જીવના જે પરિણમન થવાના તે થવાના, તે પરિણામે ઊપજતો તે જીવ છે, અજીવ નથી એટલે કે તેનો કર્તા અજીવ નથી. સમ્યગ્દર્શનના શુદ્ધ પરિણામે ઊપજતો તે જીવ છે, તે પરિણામને દેવ–શાસ્ત્ર–ગુરુએ કરાવ્યા નથી, એ કાર્યનો કર્તા જીવ છે, તે જીવનું એ પરિણામ કાર્ય છે. પરમાણુ જડના ક્રમબદ્ધ થતાં પરિણામોથી ઊપજતા પરમાણુ જ છે. કંકણાદિ અવસ્થારૂપ થવું તે સુવર્ણ છે, તેને સોની કરતો નથી, જે અવસ્થારૂપે થવાનું હતું તે – રૂપે જ થાય છે. સોનું તેની કુંડળ આદિ ક્રમબદ્ધ અવસ્થારૂપે જે કાળે થવાનું હતું તે જ થાય છે. કુંડળ આદિ અવસ્થા સાથે સોનું તાદાત્મ્ય છે તેમ દરેક દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય – એકરૂપપણું છે.

## ❀ સ્વ પરિણામનો કર્તા હોવા છતાં પર સાથે કાર્યકારણભાવનો અભાવ ❀

એ રીતે જીવને પોતાના પરિણામ સાથે તાદાત્મ્યપણું હોવાથી આત્મા પોતાના પરિણામના કાર્યનો કર્તા છે તોપણ તે શરીર–વાણી આદિના કાર્યને કરે ને આત્મા તેનું કારણ થાય એમ નથી. અજીવનું કાર્ય જીવ કરે એમ સિદ્ધ થતું નથી, કેમ કે દરેક રજકણને, દરેક આત્માને, અન્ય દ્રવ્ય સાથે પરિણામ કાર્ય ને અન્ય દ્રવ્ય કારણ એમ બનતું નથી. માટીનો ઘડો થવામાં ઘડો તે કાર્ય ને માટી તે કારણ છે પણ કુંભાર તેનું કારણ બને એમ છે જ નહીં. પરની દયા એટલે કે બીજા જીવનું આયુષ્ય ટકવું તે કાર્ય અને અન્ય જીવ તેનું કારણ એમ છે જ નહીં.

દરેક જીવને, દરેક રજકણને ધર્માસ્તિ આદિ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે કાર્યકારણપણું છે જ નહીં. જીવ ગતિ કરે તેમાં જીવની ગતિ તે કાર્ય અને ધર્માસ્તિ તેનું કારણ છે એમ નથી. વાણી બોલવી તે ઉત્પાદ્ય ને રાગ તે ઉત્પાદક છે એમ નથી. રાગ થાય તે ઉત્પાદ્ય અને નિમિત્ત તેનો ઉત્પાદક એવું છે જ નહીં, કેમ કે ઉત્પાદ્ય–ઉત્પાદક અભિન્ન હોય. લાકડી ઊંચી થવી તે કાર્યનો ઉત્પાદ છે ને આંગળી તેનું કારણ–ઉત્પાદક છે એમ નથી. ભગવાનની પ્રતિમાની સ્થાપના તે પરમાણુનું કાર્ય છે અને તેનું કારણ જીવ છે એમ નથી.

પ્રત્યેક સમયે પોતાના પરિણામપણે ઊપજે તે કાર્ય છે ને તેનો કર્તા જીવ છે. પોતાનું કાર્ય કરે છે તોપણ જીવ પરનું કાર્ય કરી શકતો નથી, કેમ કે કોઈ પદાર્થ નકામો નથી એટલે કે પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે પોતાના પરિણામરૂપ કાર્ય કરે છે, તેથી જીવનું કોઈનું કાર્ય કરે એમ નથી બનતું. દરેક સમયે દરેક પદાર્થ પોતાનું કાર્ય કરે છે અને જીવ પણ તે સમયે પોતાની પર્યાયરૂપ કાર્ય કરે છે પરંતુ જીવ પોતાના પરિણામરૂપી કાર્ય કરે ને બીજાનું પણ કાર્ય કરે એમ નથી.

ભગવાને જાતિ તરીકે છ દ્રવ્ય જોયા અને સંખ્યા તરીકે અનંત દ્રવ્ય જોયા, સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે કાર્યકારણ છે તેમ નથી. બે ગુણવાળો પરમાણુ ૪ ગુણવાળો થાય તે પરમાણુનું કાર્ય અને બીજો ૪–ગુણવાળો પરમાણુ તેનું કારણ એમ છે જ નહીં. શરીરની ઇન્દ્રિયોની જે ચેષ્ટાઓ થાય તે જડનું કાર્ય છે ને એમાં અજ્ઞાનીનો રાગ કારણ છે એમ છે જ નહીં.

એક–એક રજકણના કાર્યનું બીજો રજકણ કારણ નથી. શ્વાસોશ્વાસ એ જડનું ઉત્પાદ્ય છે પણ આત્મા પ્રેરણા કરે તો શ્વાસોશ્વાસ ચાલે તેમ નથી. કેવળજ્ઞાની ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે જે જે દ્રવ્યનો જે જે ઉત્પાદ્ય થાય તેમાં બીજું દ્રવ્ય ઉત્પાદક થઈને તે કાર્ય થયું છે તેમ નથી. જીવને વિષયોમાં જે સુખપણું ભાસે છે તેમાં વિષયો અકિંચિત્કર છે. મોઢામાં સાકર પડી છે તે સાકર જીવને મીઠાશનો રાગ ઉત્પન્ન કરાવે છે તેમ નથી.

શીરો થવામાં અગ્નિથી કે તવો હોવાથી થયો છે તેમ નથી. શીરો થવામાં તેના રજકણો કારણ છે પણ અગ્નિ, તવો કે સ્ત્રીનો વિકલ્પ તેનું કારણ નથી. પ્રત્યેક સમયે તે–તે દ્રવ્યની તે–તે પર્યાય થવાની તે તેનું કાર્ય છે પણ તેનું કારણ અન્ય દ્રવ્ય નથી. ભગવાને જેવું જોયું છે તેવું ભાખે છે, તોપણ વાણીનું કારણ સર્વજ્ઞ નથી, વાણીના રજકણોનો ક્રમબદ્ધપણે ભાષાવર્ગણારૂપે થવાનો તે કાળ હતો પણ વાણીના કાર્યનું ભગવાન કારણ નથી.

## * સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ *

પ્રત્યેક સમયે પરદ્રવ્યના ઉત્પાદ્યનો આત્મા ઉત્પાદક નથી, પ્રત્યેક દ્રવ્યનાં પ્રત્યેક સમયનાં ઉત્પાદ્યનો જન્મક્ષણ છે, તેનો ઉત્પાદક અન્ય દ્રવ્ય નથી, પ્રત્યેક સમયમાં પ્રત્યેક દ્રવ્ય પોતાના કાર્યનો કર્તા છે તેથી બીજો દ્રવ્ય તેનો ઉત્પાદક બને તેમ બનતું નથી. એક દ્રવ્યના ઉત્પાદ્યનો ઉત્પાદક અન્ય દ્રવ્ય બને તેમ બનતું નથી.

બાહ્યના કાર્યમાં જીવની બુદ્ધિ ઉત્પાદક અને તે કાર્ય ઉત્પાદ્ય છે એમ નથી. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે ઊપજે છે. તેમાં અન્ય દ્રવ્ય કર્તા નથી. એક દ્રવ્ય ઉત્પાદ્ય ને અન્ય દ્રવ્ય ઉત્પાદક હોય એમ બનતું નથી. આ સિદ્ધાંત બેસે તો કર્તાપણાની ભ્રમણા છૂટી જાય.

ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ કર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન–શ્રદ્ધા–આનંદનું કાર્ય કરે છે.

કુંભાર ઘડો કરતો નથી, કંદોઈ મીઠાઈ કરતો નથી, હુશિયાર સ્ત્રી સારી રસોઈ કરી શકતી નથી. ત્રણકાળ–ત્રણલોકને જોનાર સર્વજ્ઞ એમ કહે છે કે જેમ જીવનું કાર્ય અજીવનું નહીં ને અજીવનું કાર્ય તે જીવનું નહીં તેમ દરેક દ્રવ્યોનું કાર્ય અન્ય દ્રવ્યનું નથી. દરેક દ્રવ્યનાં પરિણામ તે–તે કાળે જે થવાના હતા તે થયા તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી.

જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં એટલે કે પરિણામપણે ઊપજે છે તે તેનું કાર્ય તો છે છતાં કર્મની પર્યાય જીવ કરે કે શરીરની પર્યાય જીવ કરે એમ અજીવના કાર્યનું કારણ જીવ થાય એમ કોઈ રીતે સાબિત થતું નથી, કારણકે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકનો અભાવ છે, કેમ કે કારણ–કાર્ય અભેદ હોય. તેથી પરદ્રવ્યને મારી જીવાડી શકે – એ કાર્ય જીવ કરી શકે એમ સિદ્ધ થતું નથી. નિત્ય વસ્તુ પોતાના પરિણામપણે ઊપજે છે તે તેનું કાર્ય છે, છતાં પરદ્રવ્યના કાર્યને કરી શક્તો નથી, કેમ કે જીવ પોતાના પરિણામરૂપ કાર્ય કરે છે ત્યાં બીજાનું કાર્ય કેમ કરે? પોતાનું કાર્ય જીવ કરે છે પણ પરદ્રવ્યનું કાર્ય કરે છે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી.

જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઊપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દૃષ્ટિમાં લીધો છે એવો જીવ જ્ઞાતા–દૃષ્ટાના પરિણામે ઊપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે

જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઊપજે એમ બનતું નથી, કારણકે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી, કારણકે અનંતા દ્રવ્યો છે તેને પૃથક માનવા હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે તો બે દ્રવ્યો એક થઈ ગયા –અનંત દ્રવ્યો પૃથક ન રહ્યા.

ધીમે કે જલ્દી ચાલવાની ક્રિયાનો કર્તા જીવ છે કે જીવ પ્રેરે છે તેમ ત્રણ કાળમાં બનતું નથી. શ્વાસ લેવાનું કાર્ય જીવનું ને જીવ કારણ છે તેમ કોઈ રીતે બનતું નથી, કોઈ રીતે સાબિત થતું નથી એમ પરમાત્મા કહે છે. સ્વભાવ વિભાવનું કાર્ય કરે તે કોઈ કાળે સિદ્ધ થતું નથી. કર્મબંધનનું કાર્ય જીવ કરે તે વાત સાબિત થતી નથી.

પ્રભુ ! ધીરો થા ! તારું સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ છે ને ! તે પરનું શું કરે ? આંખ પરનું શું કરે ? તેમ જ્ઞાન પરનું શું કરે ? – એ તો જાણે, શરીરનું ચાલવું કે કર્મ બંધનું કાર્ય કે દયા–દાન આદિના વિકલ્પોનું કાર્ય તે જીવનું કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. મહાવ્રતના પરિણામ તે અચેતન છે, તે ચેતનનું – જીવનું કાર્ય નથી.

અજીવના કાર્યને જીવ કરે છે તેમ સિદ્ધ થતું નથી અને તેથી અજીવની દશારૂપી કાર્યને જીવનું કર્મપણું સિદ્ધ થતું નહીં હોવાથી કર્તાકર્મનું નિરપેક્ષપણું સિદ્ધ થાય છે. રોટલી પાકવામાં અગ્નિની અપેક્ષા છે જ નહીં. તે–તે ક્રમબદ્ધના કાર્યકાળમાં અન્ય દ્રવ્યની અપેક્ષા છે જ નહીં. કોઈ પણ દ્રવ્યની જે કોઈ ક્રિયા થાય તેનો આત્મા જ્ઞાતા–દૃષ્ટા છે, કર્તા છે જ નહીં એમ અકર્તાપણાની સિદ્ધિ કરે છે.

નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિકનું કાર્ય થાય એમ નથી. ભગવાનની વાણી સાંભળતા જે જીવને સમ્યગ્દર્શન થાય તેમાં સમ્યગ્દર્શનના કાર્યને ભગવાનની વાણીની અપેક્ષા નથી કે જેને લઈને સમ્યગ્દર્શન થાય. અરે ! મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય છતાં કેવળજ્ઞાનને મનુષ્યપણાની અપેક્ષા નથી. ક્રમબદ્ધમાં જે પર્યાય થવાની તે પર્યાયમાં પરની અપેક્ષા નથી. દરેક જડ–ચેતનમાં ક્રમબદ્ધ થતી પર્યાયમાં અન્યની અપેક્ષા નથી. તેની ક્રમબદ્ધ પર્યાયનો તે કાળ જ હતો, તેમાં પરદ્રવ્યની અપેક્ષા છે જ નહીં.

અજીવના કાર્યને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી, અજીવના પરિણામનું–કાર્યનું જીવને ઉત્પાદકપણું–કારણપણું સિદ્ધ થતું નથી અને અજીવના કાર્યનું કર્મપણું જીવને સિદ્ધ ન થતાં કર્તાકર્મની અન્યનિરપેક્ષપણું સિદ્ધ થાય છે એટલે કે સમ્યગ્દર્શનના કાર્યમાં દર્શનમોહકર્મનો અભાવ છે માટે સમ્યગ્દર્શન થયું એવું અપેક્ષાપણું સિદ્ધ થતું નથી. અનેરા દ્રવ્યની અપેક્ષા વિના જ સ્વદ્રવ્ય કર્તાપણે કાર્ય કરે છે. સમ્યગ્દર્શનરૂપી ધર્મના કાર્યનો–ઉત્પાદ્યનો કર્તા આત્મા છે કેમ કે આત્મા ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય છે,

આત્મા કર્તા અને સમ્યગ્દર્શન કાર્ય છે કારણકે કર્તા–કર્મ અભિન્ન હોય.

રાગનો કર્તા ને રાગ કાર્ય એ વાત અહીં સિદ્ધ નથી કરવી પરંતુ વ્યવહાર રત્નત્રયના રાગના કાળે પોતાના જ્ઞાનની સ્વપર–પ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય છે તેનો કર્તા આત્મા અને જ્ઞાનની પર્યાય તેનું કાર્ય છે એમ કહે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે પરમ નિરપેક્ષ છે તેમ નિયમસાર ગાથા–૨ માં કહ્યું છે. પોતાના દ્રવ્યમાં જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પરિણતિ થઈ તે પરમ નિરપેક્ષપણે થઈ છે, તેનો કર્તા આત્મા છે પણ તેના કાર્યમાં–પરિણામમાં વ્યવહારરત્નત્રયાદિની બિલકુલ અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રય ઉત્પાદક અને નિશ્ચયરત્નત્રય ઉત્પાદ્ય એમ છે જ નહીં. નિમિત્ત ઉત્પાદક અને ઉપાદાનની પર્યાય ઉત્પાદ્ય એમ છે જ નહીં.

એ રીતે સ્વદ્રવ્ય કર્તા ને સ્વદ્રવ્યની પર્યાય તેનું કાર્ય છે, જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધ પર્યાય થવાની છે તે થાય છે તેનું કર્તા–કર્મપણું અન્યનિરપેક્ષ છે, અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે સ્વદ્રવ્યમાં સ્વતંત્રપણે કર્તાકર્મની સિદ્ધિ છે. તેથી જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી, માટે જીવ અકર્તા સિદ્ધ થાય છે. ક્રમબદ્ધ સિદ્ધ કરીને અકર્તાપણું સિદ્ધ કરવાનું તાત્પર્ય છે.

## ❀ પ્રવચન - પ્રચાર યોજના ❀

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો નિયમિત ટેપ થઈ રહ્યાં છે. જે કોઈ મુમુક્ષુઓને પ્રવચનના ટેપની નકલ કરાવવી હોય તેમને સંસ્થા તરફથી ટેપ કરી આપવામાં આવશે અને વ્યવસ્થા ખર્ચ પેટે એક પ્રવચન દીઠ રૂા. ૧–૦૦ લેવામાં આવશે.

તા. ૧૧–૮–૭૭ થી તા. ૧૪–૯–૭૭ સુધી નીચે દર્શાવેલા શાસ્ત્ર ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ટેપ શ્રી મધુભાઈ ચીમનલાલ ઝવેરી ( હોંગકોંગ ) તરફથી ફ્રી ઉતારી આપવામાં આવશે.

– વ્યવસ્થા કમિટિ

૧. શ્રી સમયસાર ૨. શ્રી પ્રવચનસાર ૩. શ્રી નિયમસાર ૪. શ્રી પંચાસ્તિકાય ૫. શ્રી અષ્ટપાહુડ ૬. શ્રી સમયસાર–કલશ ટીકા ૭. શ્રી પરમાત્મપ્રકાશ ૮. શ્રી નાટક સમયસાર ૯. શ્રી છ ઢાળા ૧૦. શ્રી ઇષ્ટોપદેશ ૧૧. શ્રી યોગસાર ૧૨. શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ૧૩. શ્રી સમાધિતંત્ર

રીલ તથા કેસેટ મોકલવાનું સરનામું:–

ટેપ રેકોર્ડિંગ વિભાગ,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પિન – ૩૬૪ ૨૫૦

# ❄ समाचार दर्शन ❄

श्री टोडरमल दि० जैन सिद्धांत महाविद्यालयका उद्‌घाटन सानन्द सम्पन्न

जयपुरः– दि. २४–७–७७ को टोडरमल दिगम्बर जैन सिद्धांत महाविद्यालयका उद्‌घाटन श्री साहू श्रेयांसप्रसादजी जैन द्वारा सानन्द सम्पन्न हुआ। इस अवसर पर बोलते हुए साहूजीने इसके संचालकोको धन्यावद दिया और कहा कि डो० हुकमचंदजी भारिल्लके संरक्षणत्वके कारण इस महाविद्यालयकी सफलता निश्चित ही है। राजस्थानके मुख्यमंत्री श्री भैरोंसिंहजी शेखावतने अपने मुख्य अतिथीय भाषणमें संस्थाके प्रति मंगलकामना व्यक्त करते हुए सिद्धांतोंसे किसी भी कीमत पर समझौता न करने की सलाह दी। इसके पूर्व श्री नेमीचंदजी पाटनीने विद्यालय एवं पंडित टोडरमल स्मारक ट्रस्टकी गतिविधियोंका संक्षिप्त परिचय दिया। स्वागताध्यक्ष श्री कपूरचंदजी पाटनीने अतिथियोंका परिचय देते हुए पुष्पहारों से स्वागत किया। कुन्दकुन्द कहान दिगम्बर जैन तीर्थ सुरक्षा ट्रस्टके अध्यक्ष श्री बाबूभाई चुन्नीलाल मेहताने ट्रस्टका संक्षिप्त परिचय देकर अतिथियोंको मालार्पण कर स्वागत किया। तत्पश्चात् पं. टोडरमल स्मारक ट्रस्टकी ओर से डो० भारिल्लने भी स्वागत किया तथा श्री महेन्द्रकुमारजी सेठीने सम्मानीय अतिथियोंको जैन ग्रंथोके सेट भेंट किये।

श्रीमान् त्रिलोकचंदजी जैन उद्योग मंत्री राजस्थान, श्री निर्मलचंदजी जैन संसद सदस्य, श्री मोहनलालजी छाबडा संसद सदस्य एवं अध्यक्ष श्री लालचंदभाई मोदीने भी सभाको सम्बोधित किया। अन्तमें डो० भारिल्लने आभार प्रदर्शन किया। इस अवसर पर बाहरसे भी सैंकडों लोग पधारे थे और स्थानीय उपस्थिति सीमातीत थी।

## श्री कुन्दकुन्द कहान दिगम्बर जैन तीर्थ सुरक्षा ट्रस्टको अभूतपूर्व योगदान

ट्रस्ट के श्रीमान् बाबूभाई चुन्नीलाल मेहताने ट्रस्टके सम्बन्धमें फैली भ्रान्तियोंके निराकरण एवं सहयोगके लिए आगरा, ग्वालियरके आस–पासके अनेक ग्रामोंका दौरा किया। इस दौरा में पं. ज्ञानचन्दजी तो उनके साथ रहे ही, आसपासके अनेक प्रतिष्ठित लोग भी उनके साथ रहे। उनके आध्यात्मिक प्रवचनोंका लाभ तो समाज को मिला ही; साथ ही ट्रस्टके सम्बन्धमें फैली भ्रान्तियोंका निराकरण भी हुआ तथा आशातीत आर्थिक सहयोग भी प्राप्त हुआ। इस दौरेमें वे आगरा, एत्मादपुर, फिरोजाबाद, गोरमी, ग्वालियर, मौ, गोहद, भिन्ड, जसवन्तनगर, इटावा, करहल, भोगाँव आदि स्थानों पर

गए। इसके बाद वे सिवनी, छिंदवाडा, नागपुर आदि स्थानों के लिए रवाना हो गए।

समाजका यह अभूतपूर्व आर्थिक सहयोग ट्रस्टके प्रति समाजके विश्वास एवं सद्भावको व्यक्त करता है।

श्री कुन्दकुन्द कहान दिगम्बर जैन तीर्थ सुरक्षा ट्रस्टकी मीटिंग सम्पन्न

जयपुरः– श्री कुन्दकुन्द कहान दिगम्बर जैन तीर्थ सुरक्षा ट्रस्ट द्वारा संचालित श्री टोडरमल दिगम्बर जैन सिद्धांत महाविद्यालयके उद्घाटनके अवसर पर ट्रस्टियों एवं विशेष आमंत्रित व्यक्तियोंकी मीटिंग सानन्द सम्पन्न हुई। जिसमें सर्वश्री बाबूभाई मेहता फतेपुर, लालचन्दभाई मोदी बम्बई, ब्र. धन्यकुमारजी बेलोकर शिरपुर, शांतिभाई जवेरी बम्बई, माणिकलाल आर० गांधी बम्बई, नेमीचंदजी पाटनी आगरा, नेमीचन्दवी पाण्ड्या गौहाटी, रतनलालजी गंगवाल कलकत्ता, डालचन्दजी भोपाल एवं जवाहरलालजी विदिशा ट्रस्टीगण तथा सर्वश्री पन्नालालजी गंगवाल कलकत्ता, बलूभाई बम्बई, मीठाभाई बम्बई, बसन्तभाई दोशी बम्बई, डो० हुकमचंद भारिल्ल जयपुर, महेन्द्रकुमारजी सेठी जयपुर, रावजी भाई फलटन आदि विशेष आमंत्रित महानुभाव उपस्थित थे। मीटिंगमें आगामी वर्षका बजट पास किया गया तथा गतवर्षकी प्रगतिकी रिपोर्ट पर पूरी–पूरी मीमांसा करनेके बाद नवीन योजनाओं पर विचार–विमर्श हुआ; जिनमें महाविद्यालयके संचालन, श्री दिगम्बर जैन तीर्थक्षेत्र कमेटीके सहयोगसे तीथ सर्वेक्षणकी योजनाको चालू करना तथा साहित्यिक अनुसंधान योजना आदिको चालू करनेका निर्णय लिया गया।

अन्तमें श्री दिगम्बर जेन स्वाध्याय मंदिर ट्रस्टके अध्यक्ष श्री नवनीतभाई चुन्नीलाल जवेरीके आकस्मिक निधन पर २ मिनिट मौन रहकर शोक व्यक्त किया गया तथा शोक प्रस्ताव भी पास किया गया। – ब्र. धन्यकुमार बेलोकर

❉ ❉ ❉

## * જૈનદર્શન – પ્રવચનકાર – શિક્ષણશિબિર *

**શ્રાવણ વદ ત્રીજ, બુધવાર, તા. ૩૧–૮–૭૭ થી ભાદરવા સુદ એકમ, બુધવાર, તા. ૧૪–૯–૭૭ સુધી સોનગઢમાં પ્રથમ વખત પ્રવચનકારો માટે શિક્ષણ–શિબિર રાખવામાં આવેલ છે; સર્વે પ્રવચનકારોને આ શિક્ષણ–શિબિરમાં ભાગ લેવા માટે સોનગઢ પધારવા સંસ્થા તરફથી આમંત્રણ છે.**

[ વસ્તુસ્વભાવનો સ્પર્શ કરાવતાં......... ટાઈટલ બેથી ચાલુ ]

ઉત્પાદ–વ્યય–ધ્રુવ નામનો એક ગુણ છે અને તે ગુણનું રૂપ દરેક ગુણીમાં છે, દરેક ગુણને તે કાળે તે ઉત્પાદ–વ્યય થાય એવો ગુણનો સ્વભાવ છે, જેણે ગુણને ધરનાર ગુણીને જ્યાં સ્વીકાર્યો ત્યાં તે ગુણનું કાર્ય–ઉત્પાદ જે કાળે થવાનો તે થાય છે, તેને કરું છું એમ ક્યાં છે?

છ એ દ્રવ્ય તે જ્ઞેય છે, તેનો સ્વભાવ એવો છે કે જે કાળે જે થાય તે તેનો જન્મક્ષણ છે. છ એ દ્રવ્ય જ્ઞેય છે, તેની પર્યાય તેના સ્વકાળે–જન્મક્ષણે જે થાય છે તેને કરવી છે ક્યાં? તેને જાણે છે; તે જાણું છું એ હું પણ કરું છું એ કરવું પણ ક્યાં છે? કરવું એ વસ્તુમાં જ નથી, થાય છે તેને કરું છું એ શું? ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કર્યો એટલે બસ! બધું આવી ગયું. દ્રવ્યની દ્રષ્ટિ થઈ એટલે બધું પતી ગયું! આ વસ્તુસ્વભાવ ઉપર દ્રષ્ટિ ન જાય તો એણે જીવનમાં શું કર્યું? કાંઈ કર્યું નથી.

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ * ( અંક ૪૦૬ થી ચાલુ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૬૯ | શ્રી મોહનલાલ કુરજી વેકરીયા | રાજકોટ | ૪૮૪ | શ્રી વૃજલાલ કસળચંદ સંઘવી | વાંકાનેર |
| ૪૭૦ | " ચંદ્રકાંત રસીકલાલ મહેતા | રાજકોટ | ૪૮૫ | " ચેતન અંબાલાલ શાંતીલાલ | રાજકોટ |
| ૪૭૧ | " રસીકભાઈ ડી. શેઠ | " | ૪૮૬ | " ભરતભાઈ ખીમચંદભાઈ શેઠ | રાજકો |
| ૪૭૨ | " ગોવીંદજી ખીમજીભાઈ | " | ૪૮૭ | શ્રીમતિ ભારતી એન. મહેતા | માટુંગા |
| ૪૭૩ | " સૂર્યકાંત પ્રાણલાલ શેઠ | " | ૪૮૮ | શ્રી મનુભાઈ ટી. કામદાર | મુંબઈ |
| ૪૭૪ | " છગનલાલ લાલચંદ | " | ૪૮૯ | શ્રી જનકલાલ મગનલાલ દફતરી | રાજકોટ |
| ૪૭૫ | " ચંદ્રકાંત મોતીચંદ દોશી | " | ૪૯૦ | ડો. એ ટી. કામદાર | પુના |
| ૪૭૬ | " વિજય પ્રભુદાસ કોટક | " | ૪૯૧ | " ચંદુભાઈ તારાચંદ કામદાર | રાજકોટ |
| ૪૭૭ | " હીતેશ હીરાલાલ કોટક | " | ૪૯૨ | શ્રી અનીલકુમાર વિનોદરાય કામદાર | " |
| ૪૭૮ | " નવીનચંદ્ર શાંતીલાલ શાહ | લંડન | ૪૯૩ | " ચેતનકુમાર વલ્લભદાસ | મુલુંડ |
| ૪૭૯ | ડો. છબીલભાઈ જટાશંકર શાહ | રાજકોટ | ૪૯૪ | " પ્રતાપરાય પ્રભુદાસ શાહ | રાજકોટ |
| ૪૮૦ | શ્રી અરવીંદભાઈ ભગવાનલાલ પારેખ | " | ૪૯૫ | " લાખાણી ઓટો એજન્સી | મુંબઈ |
| ૪૮૧ | " દયાળચંદ ગુલાબચંદ શાહ | થાનગઢ | ૪૯૬ | શ્રી મુળજીભાઈ ચત્રભુજ લાખાણી | રાજકોટ |
| ૪૮૨ | શ્રી શ્યામકુમાર વિઠલદાસ ચોટાઈ | રાજકોટ | | **આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/-** | |
| ૪૮૩ | "લક્ષ્મીચંદ લીલાધર મહેતા | " | | | **( ક્રમશઃ )** |

## સુવર્ણપુરી સમાચારઃ-

( તા. ૨૩-૮-૭૭ )

પૂજ્ય ગુરુદેવશ્રી સુખસાતામાં બિરાજી રહ્યા છે, સવારે કલશટીકા ઉપર તથા બપોરે શ્રી સમયસાર-પરિશિષ્ટની ૪૭ શક્તિઓ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો હિંદીમાં ચાલી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મહિતકારી પ્રવચનોનો લાભ લેવા દૂર દૂરના ૧૭૫ ગામોથી બાર સો લગભગ મહેમાન આવ્યા છે અને હજી પણ મહેમાનો આવી રહ્યા છે.

હાલમાં સોનગઢમાં ભાઈઓ માટેનો પ્રૌઢ શિક્ષણવર્ગ-શિક્ષણશિબિર ચાલી રહ્યો છે; મુરબ્બી માનનીય શ્રી રામજીભાઈ, પંડિત શ્રી ખીમચંદભાઈ, શ્રી જ્ઞાનચંદજી ( વિદિશા ), શ્રી નેમચંદભાઈ ( રેખિયાળ ) તથા શ્રી ચીમનભાઈ કામદાર શિબિરના વર્ગો ચલાવી રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો, રાત્રિચર્ચા તેમજ બે વખત શિક્ષણ-શિબિરના ક્લાસ ઉપરાંત નીચે મુજબ વિદ્વાનોના વાંચનો થઈ રહ્યા છે.

| | | | |
|---|---|---|---|
| સવારે | ૪-૧૫ થી ૫-૦૦ | પંડિત શ્રી ધન્નાલાલજી | ( ગ્વાલિયર ) |
| સવારે | ૫-૦૦ થી ૬-૦૦ | બ્ર. કેસરીચંદ ધવલજી | ( કથોલી ) |
| બપોરે | ૧-૧૫ થી ૨-૧૫ | પંડિત શ્રી બાબુભાઈ | ( ફતેપુર ) |
| સાંજે | ૬-૪૦ થી ૭-૨૫ | પંડિત શ્રી ખીમચંદભાઈ | ( સોનગઢ ) |
| રાત્રે | ૮-૩૦ થી ૯-૩૦ | પંડિત શ્રી જ્ઞાનચંદજી | ( વિદિશા ) |
| રાત્રે | ૮-૩૦ થી ૯-૩૦ | પંડિત શ્રી નવલચંદભાઈ | ( સોનગઢ ) |

---

**[ વિદેહથી અતિથિ આવ્યા આંગણે રે... ટાઈટલ ૩ થી ચાલુ ]**

**કોટિ કોટિ વંદન છે જ્ઞાનવંતા માતને,**
**ધન્ય ધન્ય છે તારાં માત ને તાતને,**
**કે તારા જ્ઞાનખજાના જલદી ખોલ,**
**કે અમ દીનદુઃખીયાને સંભળાવ તારા બોલ.**
**કે તારા બોધ વિના શી ગતિ અમારી થાત ?**
**અમૃતધારા મુજ પર ઝટપટ ઢોળ,**
**એટલી અરજ સાંભળ મારી તપસ્વીની માત રે.**

**- ભાનુબેન પારેખ, રાજકોટ.**

# વિદેહથી અતિથિ આવ્યા આંગણે રે....

જી રે સુવર્ણપુરીમાં કેસર છાટણાં,
જી રે મોતીડે વરસ્યા છે આજે મેઘ રે,
માતાજી મારા જુગ જુગ જીવો ભારતભૂમિએ.
જી રે સુવર્ણપુરીમાં સુગંધ મ્હેકતી,
જી રે ઊગ્યો છે ચંપા કેરો છોડ રે,
માતાજી મારા ધન્ય બની છે ધૂલિ હિંદની.
દોહ્યલો લાગ્યો તો માતા મારગ મોક્ષનો,
સોહ્યલો કીધો તેં આજે મારગ સૌખ્યનો,
ભારતની નારીમાં આજે તું શિરોમણિ,
મૌન રહીને વાતો તેં કીધી ઘણી ઘણી,
કે ધન્ય ધરા છે સૌરાષ્ટ્ર તણી.
જી રે વિદેહથી અતિથિ આવ્યા આંગણે,
જી રે ઓળખાવ્યા ગુરુજી કહાનને,
કે સૂરજ ઊગ્યો છે તમ પ્રાંગણે,
કે દોરો પરોવો ઝટપટ ટાંકણે,
કે અવસર ચાલ્યો જશે અતિ મહાન રે.
જી રે શ્રાવણનાં સરવડાં જેવાં મીઠડાં
એવા મીઠાં છે તારાં બોલડાં,
કે જેવા શ્રાવણના ઊગ્યા લીલા મોલ,
કે તેવા જીવતર તારા અણમોલ
કે હું પામર શું કરું જ્ઞાની ! તારો તોલ,
કે ધન્ય ધન્ય છે ભારતની ભોમ રે લોલ.

( અનુસંધાન આગળના પાને )




* દર્શનમોહ રહિત (સમ્યગ્દ્રષ્ટિ) ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે, પરંતુ દર્શનમોહ સહિત મુનિ મોક્ષમાર્ગમાં સ્થિત નથી જ. તેથી મિથ્યાત્વી મુનિ કરતાં મિથ્યાત્વ રહિત (સમ્યગ્દ્રષ્ટિ) ગૃહસ્થ શ્રેષ્ઠ છે. (રત્નકરંડ શ્રાવકાચાર)

* પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણ જ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદ્રષ્ટિ પુરુષ ભજે છે તે પુરુષ (મુક્તિ સુંદરીનો) વલ્લભ બને છે. (નિયમસાર)

* એક બાજુ દિવ્ય ચિંતામણી છે, અને બીજીબાજુ ખલીનો (ખોળનો) ટુકડો છે; જો ધ્યાન દ્વારા બન્ને મળી શકે તેમ છે, તો વિવેકી જનો કોનો આદર કરશે? (ઇષ્ટોપદેશ)

---

**અગત્યની સૂચના:-** ગતાંકમાં જાહેર થયા મુજબની બધી જ સંસ્થાઓની દરેક મીટિંગો અનિવાર્ય સંજોગો અનુસાર મુલત્વી રાખવામાં આવેલ છે. હવે દરેક સંસ્થાઓની મીટિંગો તા. ૩ અને ૪ થી સપ્ટેમ્બરના રોજ મળશે, તેની સૌ મુમુક્ષુઓને નોંધ લેવા વિનંતિ છે. –શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

---

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૩, દ્વિ. શ્રાવણ (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૪ : અંક ૧૧ [ ૪૦૭ ]

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત: ૩૬૦૦

Title : M. VADILAL - AHD.